

(તસવીર : સંજય રાવ, પ્રાંતિજ)

## રાસલોડ હનુમાન મંદિરના મહંતની પ્રાર્થના સભામાં માનવ મહેરામણ ઉમટ્યું

પ્રાંતિજ તાલુકાના રાસલોડ ગામના પૌરાણિક હનુમાન મંદિરના મહંત પૂ. સીતારામ બાપાનું ૧૨૨ વર્ષની વયે દેવ દિવાળીના દિવસે નિધન થયું હતું. આજરોજ તેમને અગ્નિદાહ સમાધિ સ્થળે યોજાયેલી પ્રાર્થના સભામાં દૂર દૂરથી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આ પ્રાર્થના સભામાં વર્તમાન અને ભૂતપૂર્વ ધારાસભ્યોએ પણ હાજરી આપી હતી.

# લોકસભા ચૂંટણીમાં ભાજપને ૨૦૨ બેઠકોની આગાહી

## જાણીતી બ્રોકરેજ કંપની સીએલએસએના ક્રિસ વુડની આગાહી : રોકાણકારોને ભગવા સરકારનો વિશ્વાસ

ગાંધીનગર, તા.૨૩

નરેન્દ્ર મોદીની સમગ્ર દેશમાં વધી રહેલી લોકપ્રિયતા જોઈ રોકાણખારોને લાગી રહ્યું છે કે ભાજપને આગામી લોકસભાની ચૂંટણીમાં ૨૦૨ જેટલી બેઠકો મળશે. ભાજપ સરકાર બનાવવાની ખુબ નજીક રહેશે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ભાજપે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કર્યા તે પછી સમગ્ર દેશભરમાં તેમની લોકપ્રિયતાનો પારો સતત ઉંચે જઈ રહ્યો છે. તેમને સમગ્ર દેશમાંથી જોરદાર ટેકો મળી રહ્યો છે અને આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપને ૫૯૩માંથી ૨૦૨ બેઠકો મળી શકે છે. ક્રિસ વુડનું કહેવું છે કે ૨૦૧૪માં ભાજપની સરકાર રચાશે તેવો રોકાણકારોને ભરોસો છે. જુદા જુદા રાજયોમાંથી ભાજપને કેટલી બેઠકો મળશે તેનો અંદાજ પણ કાઢવામાં આવ્યો છે.

૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાં રાજસ્થાનની ૨૫માંથી ૨૦, મધ્યપ્રદેશની ૨૯માંથી ૨૦, છત્તીસગઢની ૧૧માંથી ૧૦ બેઠકો ભાજપના ફાળે જશે. ક્રિસ વુડે એવો પણ દાવો કર્યો છે કે ઉત્તરપ્રદેશની ૮૦ બેઠકોમાંથી ભાજપને ૪૦ બેઠકો, બિહારમાં ૧૫ અને ઝારખંડમાં ૫ બેઠકો મળશે. ગુજરાતની ૨૬માંથી ૨૦, મહારાષ્ટ્રમાં ૪૮માંથી ૧૫, કર્ણાટકની ૨૮માંથી ૧૫ બેઠકો ભાજપના કબ્જામાં રહેશે. જયારે પશ્ચિમ બંગાળ ઓરિસ્સા અને આસામમાં ભાજપને ફટકો લાગી શકે છે.

પં. બંગાળની ૪૨માંથી ભાજપને માત્ર ૨ બેઠકો મળશે તો ઓરિસ્સાની ૨૧માંથી ૫ અને આસામની ૧૪ બેઠકોમાંથી ૫ બેઠકો ભાજપને મળશે. ભાજપને આંધ્રમાંથી ૩ અને તમિલનાડુમાં ૫ બેઠકો ભાજપને મળશે. દિલ્હીની ૭માંથી ૫ બેઠકો ભાજપને મળશે. આ સિવાય પંજાબમાંથી ૨ અને હરિયાણામાંથી ૫ બેઠકો ભાજપને મળશે. અન્ય રાજયોની બાકી બચેલી ૩૪ બેઠકોમાંથી ભાજપને ૧૦ બેઠકો મળી શકશે. આમ ભાજપને ૨૦૨ની આસપાસ બેઠકો મળી શકે છે. આમ ભાજપ સત્તા રચવાની નજીક પહોંચી શકે છે.

## પ્રાંતિજ તાલુકામાં શાળા આરોગ્ય તપાસણીના શ્રીગણેશ

પ્રાંતિજ, તા. ૨૩

ગુજરાત સરકારના શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ મારફતે પ્રાંતિજ તાલુકામાં શાળા આરોગ્ય તપાસણીનો શુભારંભ કરાયો હતો. આ આરોગ્ય ચકાસણી અભિયાનમાં તાલુકાની તમામ પ્રાથમિક, માધ્યમિક, આશ્રમ શાળાઓ અને આંગણવાડીના બાળકોની ચકાસણી કરવામાં આવનાર છે. પ્રાંતિજ તાલુકાની કુલ ૩૮૯ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાં ૪૪ હજાર જેટલા ભૂલકાઓની આરોગ્ય તપાસ કરવામાં આવનાર છે. તેમજ ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને ડોક્ટરની સુવિધા મળી રહેશે. આ આરોગ્ય ચકાસણીમાં જે બાળકોને ગંભીર અથવા અન્ય રોગો જણાશે તેમને સરકારી યોજના હેઠળ ખાસ સારવાર, દવા અને ઓપરેશન વગેરેનો લાભ પણ સરકાર દ્વારા અપાશે.

# પાલનપુરમાં જીપમાં બેસી રમતા પાંચ જુગારીઓ ઝડપાયા

## જીપ સહિત ૨.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

પાલનપુર, તા. ૨૩

પાલનપુરના ગઠામણ દરવાજા વિસ્તારમાં એક જીપમાં બેસીને જુગાર રમતા પાંચ જુગારીઓ ઝડપાયા હતા. બાતમીના આધારે પૂર્વ પોલીસમથકના સ્ટાફે રેડ કરતા આ જુગારીઓને રંગે હાથ ઝડપી લઈ જીપ સહીત ૨.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. જીપ નં. જીજે-૨-બીડી-૨૭૨૨ સહિત મોબાઈલ ફોન, રોકડ રકમ વગેરે મળીને કુલ ૨,૬૦,૩૧૦ના મુદ્દામાલ સાથે પોલીસે પાંચ જુગારીઓ ઝડપ્યા હતા. જેમાં દિલીપકુમાર ભગવાનદાસ વાઘેલા રહે. વડગામ, ડાહ્યાભાઈ કાનજીભાઈ પુરબીયા રહે. વડગામ, હરિલાલ ચુનીલાલ શ્રીમાળી રહે. વડગામ, રાજેશકુમાર વશરામભાઈ ભાટીયા રહે. મેમદપુર અને રઘનાથભાઈ હીરાાઈ ઠાકોર રહે. ધોતા તા. વડગામની અટકાયત કરીને જુગાર ધારાની કલમ ૧૨(અ) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### વડાગામના મહાકાળી મંદિરમાંથી તસ્કરો દાન પેટી ઉઠાવી ગયા

ધનસુરા તાલુકાના વડાગામ હાઈસ્કુલ પાસે આવેલ મહાકાળી માતાના મંદિરમાં ગઈ કાલે મોડી રાત્રે તસ્કરોએ મંદિરના દરવાજાનું તાળું તોડી દાનપેટી ઉઠાવી જતા ચકચાર મચી જવા પામી છે. વડાગામ ખાતે આવેલ મહાકાળી મંદિરમાં ચોથી વખત ચોરી થઈ છે. શિયાળાની ઠંડીની શરૂઆત થતા તસ્કરો લાભ લેતા થઈ ગયા છે. મંદિરના ટ્રસ્ટીઓના જણાવ્યાનુસાર દાન પેટીમાં આશરે ચાર હજાર રૂપિયા હતા. ચોથી વખત ચોરી થવાથી પોલીસની નિષ્ક્રિયતા છતી થાય છે. આ સાથે વડાગામ પંથકમાં પોલીસ સમક્ષ પણ અનેક આંગળીઓ ચિંધાઈ છે. તેમજ ધનસુરા ખાતે ભરબપોરે દુકાનમાંથી હજારો રૂપિયાની ઘટનાથી ધનસુરા પંથકમાં તસ્કરરાજ આવી ગયું હોય તેમ પ્રજામાં ચર્ચાઈ રહ્યું છે.

## શિહોરી ખાતે લોકઅદાલત યોજાઈ

શિહોરી, તા. ૨૩

સુપ્રમ કોર્ટ ઓફ ઈન્ડિયાના વડપણ હેઠળ તા. ૨૩ નવેમ્બરના રોજ શિહોરી કોર્ટ ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના અધ્યક્ષ અને ડીસ્ટ્રીક્ટ જજ એ.સી. જોષીના અધ્યક્ષતામાં લોક અદાલત યોજવામાં આવી હતી.

લોક અદાલતમાં સીવીલ જજ આર.આર. મિસ્ત્રઈના હસ્તે દિપ પ્રાગટ્ય કરી શરૂઆત કરવામાં આવી હતી. લોક અદાલતમાં ૫૭ કેસોનો નીકાલ અને ૩,૨૩,૫૩૬ રૂ.ની વસુલાત કરવામાં આવી હતી.

આ લોક અદાલતમાં શિહોરી વકીલ મંડળના સભ્યો, તેમજ કોર્ટ સ્ટાફ અને પોલીસ કર્મચારીઓ તેમજ પક્ષકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં શાળા તપાસની કાર્યક્રમનો શુક્રવારથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રારંભ સમારોહનું તાલુકાના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા હસ્તે દીપપ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ સમારોહમાં જિલ્લા આરોગ્ય અધિકારી મનીષ ફેન્સી, અધિક નિયામક ડૉ. અવાસિયા સહીતના અધિકારીઓએ ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોએ પોગલું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આગળ વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પોગલુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ ડૉ. સુહાસિની કનોડિયા અને મેડીકલ ઓફિસર મેહુલ ચોપડાએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કોંગીની વિચારસરણીને વરેલા માસ્ટર ટ્રેનરોને તૈયાર કરાશે

## જવાબદાર નહેરૂ લીડરશીપ ઈન્સ્ટિટ્યુટ મશીન હેઠળ ૨૬મીથી માસ્ટર ટ્રેનીંગની પસંદગીની પ્રક્રિયા હાથ ધરાશે

અમદાવાદ, તા.૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રવક્તા અને જવાહરલાલ નહેરૂ લીડરશીપ ઈન્સ્ટિટ્યુટના લીડરશીપ ડેવલોપમેન્ટ પ્રોગ્રામના ગુજરાત એકમના કન્વીનર જયરાજસિંહ પરમારે જણાવ્યું હતું કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જવાહરલાલ નહેરૂ લીડરશીપ ઈન્સ્ટિટ્યુટ મશીન હેઠળ પ્રદેશ, જીલ્લા, તાલુકા તથા વોર્ડ સ્તરે લીડરશીપ ડેવલોપમેન્ટ વર્કશોપનું આયોજન કરવા માંગે છે.

આ વર્કશોપ (તાલીમ શિબિર-કાર્યશિબિર)નો હેતુ મુખ્યત્વે કોંગ્રેસના આગેવાનો દ્વારા પક્ષનું સંગઠન છેક પાયા સુધી કેવી રીતે વધારે સુદ્રઢ બને તે માટે સવાંદ કરવાનો તખ્તો તૈયાર કરવા માટે છે. તદઉપરાંત કોંગ્રેસ પક્ષ પોતાના કાર્યકર્તા અથવા પક્ષની વિચારધારા સાથે જોડાયેલા વ્યક્તિઓ તથા વાચાળ, બોલકા ઉત્સાહી, શિક્ષિત તથા સ્વચ્છ પ્રતિભા ધરાવતા લોકોની શોધ કરી તેમનામાં રહેલ હુનર, પ્રતિભાને વિકસાવવાનો છે અને તેમને ટ્રેનીંગ આપી માસ્ટર ટ્રેનર તરીકે તૈયાર કરવા માંગે છે, કે જેઓ સમયાંતરે પક્ષના કાર્યકર્તાઓમાં પક્ષની વિચારધારા, કાર્યક્રમો અને દેશની જુદી જુદી સમસ્યાઓ માટે પક્ષના વલણ વિશે પુરતી સમજ કેળવી શકે તથા તેઓ નવું જ્ઞાન મેળવવા ઉત્સુક હોય અને આ જ્ઞાનનો અનુભવ પાયાના સ્તર સુધી પહોંચાડવા માટે પણ આતુર હોય તેમને પક્ષ શોધીને ટ્રેનીંગ ઓફ ટ્રેનરના કાર્યક્રમ અંતર્ગત ટ્રેનીંગ આપવા માંગે છે.

આ મીશન હેઠળ જેના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાંથી ૧૫૦૦થી ઓનલાઈન અરજીઓ મળી શકે છે જે બતાવે છે કે દેશનું યુવા ધન કોંગ્રેસ તરફ આકર્ષાઈ રહ્યું છે હવે તારીખ ૨૬મી નવેમ્બર ૨૦૧૩થી માસ્ટર ટ્રેઈનરની પસંદગી પ્રક્રિયા શરૂ થઈ રહી છે. પસંદગીના પ્રથમ તબક્કામાં આવેલી અરજીઓમાંથી જે અરજદારો ૩૦ વર્ષ કરતાં વધારે ઉંમર ધરાવતા હોય અને સ્નાતક (ગ્રેજ્યુએટ) થયેલ હોય તેમને બોલાવવામાં આવ્યા છે. બાકીના અરજદારોની પસંદગી પ્રક્રિયા બીજા રાઉન્ડમાં જાહેર કરવામાં આવશે.

## વાઘરોટા નજીક સ્કૂલ બસ પલટી ખાતા ૨ વિદ્યાર્થીઓને ઈજા

હિંમતનગર, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વાઘરોટા પાસે શનિવારે સવારના મીની સ્કૂલ બસ પલટી ખાતા ૨ વિદ્યાર્થીઓને ઈજાઓ થવા પામી હતી. વિગત મજુબ પ્રાંતિજના સલાલ ખાતે આવેલી ગ્રેડીયન્ટ હાઈસ્કૂલની મીની સ્કૂલ બસ નંબર જીજે-૯વાય-૪૫૨૬ નો ચાલક મીની બસમાં વિદ્યાર્થીઓને સ્કૂલેથી ઘરે મુકવા નીકળ્યો હતો. દરમિયાન અચાનક હિંમતનગરથી તલોદ માર્ગ પર આવેલ વાઘરોટા ગામ નજીક ૧૧.૩૦ વાગેના સુમારે બસચાલકની બેદરકારીથી ગરનાળા પરથી બસ ૪૦ ફૂટ ખાડામાં પડી હતી. પરિણામે અંદર બેઠેલા ૯ જેટલા વિદ્યાર્થીઓ પૈકી ફતેપુર ગામની અને ધોરણ-૫માં અભ્યાસ કરતી પ્રેયા અનિલભાઈ પટેલ અને ધોરણ-૨માં અભ્યાસ કરતો હર્ષસિંહ ચંદ્રકાંતસિંહ રાઠોડ બંનેને માથાના ભાગે ઈજાઓ થતા તાત્કાલિક ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં સારવાર માટે ખસેડાયેલ હતા. અકસ્માત અંગે પ્રાંતિજ પોલીસમથકે જાણ થતા પોલીસ પ્રથમ સ્થળ પર અને ત્યાર બાદ હિંમતનગર સિવિલમાં આવીને ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

# ભરૂચના સરદાર બ્રીજ પર ટોલ ટેક્ષ નહીં ઉઘરાવાય

ભરૂચ, તા.૨૩

ભરૂચ નજીક નેશનલ હાઈવે નંબર-૮ પર ટ્રાફીક વાહનચાલકો પરેશાન છે કારણ કે નર્મદા નદી પરનાં ૨ બ્રીજ પૈકીનો એક બ્રીજ સમારકામને કારણે બંધ છે. જેથી ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પેટલે ટોલ ટેક્ષ ન ઘરાવવા માટે આંદોલન શરૂ કર્યુ હતું. જેને વિવિધ સંસ્થાઓએ સહયોગ આપ્યો હતો. અને ૩ દિવસના આંદોલન બાદ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ જાહેરાત કરી છે કે જ્યાં સુધી બંને બ્રીજ કાર્યરત નહીં થાય ત્યાં સુધી ટોલ ટેક્ષ ઉઘરાવવામાં નહીં આવે. નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાની આ જાહેરાતથી ટ્રાફીક જામની સમસ્યાનો મહદઅંશે ઉકેલ આવ્યો છે કારણ કે એક જ બ્રીજ કાર્યરત હોવાથી ઝાડેશ્વર ટોલ ટેક્ષને કારણે ટ્રાફીક જામ થતો હતો. હવે ટોલ ટેક્ષ ઉઘરાવવાનું બંધ કરવામાં આવતા વાહનો સતત પસાર થતા રહેશે અને ટ્રાફીક જામની સમસ્યા હળવી બનશે. નર્મદા નદી પર સ્થિત નવો સરદાર બ્રીજ હાલમાં મુંબઈ અને દિલ્હીની ધોરી નસ સમાન સાબિત થઈ રહ્યો છે કારણ કે તમામ વાહનવ્યવહાર હાલમાં આ જ બ્રીજ પરથી થાય છે. જેના કારણે ટ્રાફીકની બહુ મોટી સમસ્યા સર્જાય છે. અને ટ્રાફીક જામને કારણે વાહન ચાલકો કલાકો સુધી હાઈવે પર અટવાઈ જાય છે. ટ્રાફીક જામ દરમિયાન પડતી વાહનોની કતારનાં રેકર્ડ સર્જાય છે. જેમાં ૫ થી ૮ કિલોમીટરની કતારો સામાન્ય બાબતે છે.

## શબ્દાવલી - ૫૨૩૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | ૭ | | ■ | |
| ૮ | ૯ | | ■ | | ■ | ૧૦ | ■ |
| ૧૧ | | ■ | ૧૨ | | ૧૩ | | ૧૪ |
| ■ | ■ | ૧૫ | ■ | ૧૬ | | | |
| ૧૭ | ૧૮ | | | ■ | | ■ | |
| ૧૯ | | | ■ | ૨૦ | ■ | ૨૧ | ■ |
| ■ | | ■ | ૨૨ | | | | |

### આડી ચાવી

૧. દાવપેચ, છળકપટ (૪)
૪. યોગ્ય, ઉચિત (૩)
૬. ભયંકર યુદ્ધ (૪)
૮. એક પ્રકારનો સ્ક્રૂ (૩)
૧૧. હાથ, હસ્ત (૨)
૧૨. સાહિત્યની રચના કરનાર (૫)
૧૬. કજિયો, કલેશ (૪)
૧૭. પોતાની જાતનું અર્પણ કરવું (૪)
૧૯. પોલાપણું (૩)
૨૨. કોઈ પણ મોટા પ્રોગ્રામમાં કે સભામાં સૌથી છેલ્લે... તો હોય જ (૫)

### ઊભી ચાવી

૧. અંદરનું (૪)
૨. લાજ, ઘુમટો (૩)
૩. પલટન, જુથ (૨)
૪. લ્હાણી, વહેંચણી (૨)
૫. છાશ અને ચણાના લોટની એક વાનગી (૨)
૭. સમુહમાં,... રીતે (૪)
૯. દુશ્મની (૨)
૧૦. સંતાપ, ગુસ્સો, લોહી... (૩)
૧૩. ત્યજાયેલ સ્ત્રી (૩)
૧૪. રામનું... કરવું, સ્મરણ (૩)
૧૫. આયનો, અરીસો (૨)
૧૭. 'પોસ' શબ્દ ઊંધો (૨)
૧૮. દૂધની તર (૩)
૨૦. મેળાવળો,પરિષદ (૨)
૨૧. કવિતાની રચના કરનાર પુરૂષ (૨)

### શબ્દાવલી ૫૨૩૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) આફરીન (૪) બલમ (૭) મનવા (૮) અજાયબ (૯) જલઘર (૧૧) ટકા (૧૩) ખર (૧૪) વાંક (૧૫) મારણ (૧૬) સાંજ (૧૭) શંકુ (૧૮) સાંઢણી (૧૯) ટીખળ (૨૨) માયુસ (૨૩) સથવારો
**ઊભી ચાવી :-** (૧) આમલેટ (૨) ફન (૩) રીવાજ (૪) બજાર (૫) લય (૬) મબલક (૮) અધર (૧૦) લખણ (૧૨) કામાકુટીયું (૧૪) વાંજણી (૧૬) સાંઢ (૨૦) ખસ (૨૧) ગારો

# શિશુવિહાર સંસ્થા દ્વારા અલંગ ખાતે આપત્તિ નિવારણ વિષયે તાલીમ અપાશે

ઈન્ડસ્ટ્રિયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગનાં સહકારથી અલંગ ખાતે આપત્તિ નિવારણ વિષયે તાલીમ આપવામાં આવશે.

ભાવનગરની સેવા સંસ્થા શિશુવિહાર દ્વારા સતત પાંચમાં વરસે અલંગના ૧૫૮ પ્લોટના માસ્ટર મુકાદમોને ૨-૨ દિવસીય ત્રણ તાલીમ દ્વારા આવરી પ્રાથમિક સારવાર, આગ અને સલામતી ઉપરાંત એચ.આઈ.વી. એઈડસ વિષયે નિષ્ણાંતો દ્વારા પ્રેકટિકલ દ્વારા માહિતગાર કરાશે. ડિસેમ્બરનાં બીજા પખવાડીયાથી ૬ દિવસ માટે યોજાનાર કાર્યક્રમ તાલીમ ભવન અલંગ ખાતે યોજાશે. જેમાં ભાવનગર રેડક્રોસ અને ભાવનગર બ્લડ બેન્કન કાર્યકરોનો સહકાર મળશે.

આપત્તિ નિવારણ કેન્દ્ર શિશુવિહાર કેન્દ્ર દ્વારા ૮૦૦૦થી વધુ નાગરિકોને તાલીમ બદ્ધ કરાયા છે. તે પ્રવૃત્તિને સાતત્યપૂર્ણ રીતે આગળ ધપાવતા સંસ્થાના ઉપક્રમે એકસેલ ક્રોપ કેરના સહકારથી અવાણીયા સોલ્ટ વર્ક ઉપર મીઠાના અગરમાં કામ કરતા શ્રમિકો માટે આરોગ્યમય કાર્ય પદ્ધતિ અન્વયે સલામતી તાલીમ ગોઠવવામાં આવશે. જેમાં સર્વશ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી જરીવાલા તેમજ ડૉ. જશુબેન જાની સેવા આપનાર છે.

## જમીનની માંગણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જો જમીન સંપાદન કરવાની થાય તો ગિફ્ટ સીટી સત્તાવાળાઓએ આ પ્રોજેક્ટ અંગે એડવાન્સ રકમ એવોર્ડની જમા કરાવવી પડે તેમજ તે અંગેના જરૂરી જાહેરનામાઓ પણ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરવાની થાય. આ બધી બાબતોમાં એકાદ વર્ષ જેટલો સમય લાગી શકે તેવા અનુમાનો છે.

ટચૂકડી જાહેર ખબર

**પ્લોટ અને ફ્લેટ વેચવાના છે**

ઘ-૬ કોર્નર, સે.૨૮માં ૨૩૫ વારનો પ્લોટ તથા સે.૪ડીમાં ગ્રાઉન્ડ ફ્લોરના ફ્લેટ તથા સે.૫સીમાં ફ્લેટ
સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સવારે : ૮ થી ૬

**ફ્લેટ વેચવાનો છે**

સે.૫સીમાં ૧૦૦ મીટરનો, ૩ બેડરૂમ, હોલ, કિચન વીથ ફર્નિચર. કિંમત : ૪૧ લાખ તથા ઘ-૬ કોર્નરે ૨૩૫ વારનો પ્લોટ.
સંપર્ક : ૯૮૨૫૮ ૦૫૧૪૧
સમય : સવારે ૮ થી ૬

## ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

છઠ્ઠો માળ, ગીફ્ટ વન, ઝોન-૫-સી, ગીફ્ટ સીટી, ગાંધીનગર - ૩૮૨૩૫૫

### જાહેર નોટીસ

વિદ્યુત અધિનિયમન-૨૦૦૩ની કલમ-૩૯, ૪૦, ૪૨ અને ૧૮૧ અન્વયે આયોગે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર રાજ્ય પ્રવાહન અને વિતરણ અંગે ખુલ્લો પ્રવેશની શરતો અને બોલીઓ) વિનિયમો-૨૦૧૧ આયોગ દ્વારા સદર સુધારા તૈયાર કરેલ છે. સદર સંબંધિત સુધારેલ વિનિયમો આયોગની વેબસાઈટ : www.gercin.org પર જાહેર કરવામાં આવેલ છે.

વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ની કલમ-૩૯, ૪૦, ૪૨ અને ૧૮૧ અન્વયે આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (આંતર રાજ્ય પ્રવાહન અને વિતરણ અંગે ખુલ્લો પ્રવેશની શરતો અને બોલીઓ) વિનિયમો-૨૦૧૧માં દરખાસ્ત કરવામાં આવેલ સુધારા અંગે જે વ્યક્તિઓ વાંધાઓ / સૂચનો રજૂ કરવા ઈચ્છતા હોય તેઓએ તેમના પુરા નામ અને સરનામા સાથે તા. ૨૨/૧૨/૨૦૧૩ સુધીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, ઝોન-૫-સી, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ને મોકલી આપવા. તા. ૨૨/૧૨/૨૦૧૩ બાદ પ્રાપ્ત થયેલ વાંધાઓ / સૂચનોને ધ્યાન ઉપર લેવામાં આવશે નહીં. આખરી નિર્ણય વાંધાઓ/સૂચનોને ધ્યાનમાં રાખી લેવામાં આવશે.

ગાંધીનગર
તા. ૨૧/૧૧/૨૦૧૩
માહિતી/૧૭૦૧/૧૩-૧૪

સહી/-
સચિવ
જીઈઆરસી

## ૨ શખ્સને ચોરીની બાઈક સાથે પોલીસે ઝડપી લીધા

અમદાવાદ, તા. ૨૩

શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા માટે શહેરના પોલીસ અધિકારીઓ દ્વારા તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. પોલીસ અધિકારીઓ મણીનગરના ભૈરવનાથ ચાર રસ્તા પાસે પેટ્રોલીંગ કરી રહ્યા હતા. ત્યારે બાતમી મળતા મુન્તહા ઉર્ફે મુન્ના ગુલામમયુદીન સુરતવાલા (ઉં. ૨૪), મહમદશરીફ ઉર્ફે ડીજે ઈદ્રીશભાઈ મહમદબીસ અંસારી (ઉં. ૨૫)ઓને ચોરીની મોટરસાયકલ (જીજે-૧-એલકે-૩૬૯) સાથે પકડી પાડવામાં આવ્યા છે. બંનેની પુછપરછ દરમ્યાન જાણવા મળ્યુંછે કેતેઓએઆજથી આશરે પાંચ-છ માસ અગાઉ ઠક્કરનગર ચાર રસ્તા તરફથી એક હોટલ પાસેના કોમ્પલેક્સની સામેની ખુલ્લી જગ્યામાંથી આ મોટરસાયકલની ચોરી કરી હતી.

## કંપની સમાચાર

### અમદાવાદમાં-મણીનગર શાખાનો ઉદ્ઘાટન સમારંભ

કોચીંગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી દ્વારા છેક ૧૯૮૮થી ભારતમાં મેડીકલ અને એન્જીન્યરીંગની વિવિધ પ્રવેશ પરીક્ષાઓમાં સતત શ્રેષ્ઠ પરિણામો દર્શાવે છે. તે શિક્ષણનો જે સુસંકલિત અભિગમ દાખવે છે તેનાથી વિદ્યાર્થી પ્રવેશ પરીક્ષા માટે તો તૈયારી કરે જ છે પણ સાથે સાથે સ્કૂલ/બોર્ડની પરીક્ષા માટે પણ સજજ બને છે. તેના આ સઘન પ્રયાસને ઉપરાંત પરિણામલક્ષી અભિગમ તથા નવતર અને આધુનિક પ્રોગ્રામ અને સુવિધાઓને કારણે વિતેલાં વર્ષોમાં આકાશ સાથે જોડાયેલા હજારો વિદ્યાર્થીઓને લાભ થયો છે. તેનો સઘન પરિણામલક્ષી અભિગમ અને નવતર પ્રકારના અદ્યતન પ્રોગ્રામ અને સુવિધાઓને કારણે વિતેલા વર્ષોમાં આકાશ સાથે જોડાયેલા હજારો વિદ્યાર્થીઓને ફાયદો થયો છે. તેના ૨૫ વર્ષના અનુભવ દરમ્યાન ભારતના તેના ૮૮ કેન્દ્રોના દેશવ્યાપી નેટવર્ક દ્વારા મેડિકલ અને એન્જીન્યરીંગ ક્ષેત્રે હજારો સિલેકશન અને ટોપર્સની પરિક્ષાઓમાં વિદ્યાર્થીઓ તેની સાથે જોડાયેલા રહ્યા છે. દર વર્ષે ૮૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓનો સમુદાય ધરાવતી તથા એકંદરે લાખો માતા-પિતાનો વિશ્વાસ પ્રાપ્ત કરનાર આ સંસ્થાએ કોચીંગના સમગ્ર ક્ષેત્રમાં પોતાનું સ્થાન સુદ્રઢ કર્યું છે.

તબીબી અને ઈજનેરી ક્ષેત્રે કારકીર્દી પડવા ઈચ્છેનારોઓમાં આકાશનું મહત્વનું પ્રદાન છે. તેણે વ્યાપક પણે વિવિધ તબીબી અને ઈજનેરી પ્રવેશ પરીક્ષાઓમાં મહત્તમ સિલેકશન્સ પરંપરા ૨૦૧૩માં પણ મોટી સંખ્યાનો ઉમેરો કરીને જાળવી રાખી છે. JEE(Main) અને JEE(Advanved) માં આકાશના વિદ્યાર્થીઓને અનુક્રમે ૫૧૭૪ અને ૮૧૪ સિલેકશન્સ પ્રાપ્ત થયાં છે જે ભારતના કોઈપણ કોચીંગ ઈન્સ્ટીટ્યુટ કરતાં વધારે છે. NEE(CBSE)-2013 માં ટોચના ૧૦માં ૮ ના સમાવેશ સાથે કોઈપણ કોચીંગ ઈન્સ્ટીટ્યુટ કરતાં વધારે ૨૭૬૬૦ વિદ્યાર્થી કવોલિફાય થયા છે.

### IOC એ માત્ર સંમેલન નથી પરંતુ એ આંતરાષ્ટ્રીય માળખું તેમજ શૈક્ષણિક આયોજન છે

૪૮ થી IOC અમદાવાદ ખાતે ૨૨ થી ૨૪ નવેમ્બર ૨૦૧૩ દરમ્યાન યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે. 'વિચારશીલ લોકોનું એક નાનુ જૂથ બદલી શકે છે દુનિયા આ એક જ ઘટના છે જે જવલ્લે જ બની છે.' સાચા અર્થમાં જ નિષ્ણાંતોનું એક જૂથ ૧૯૯૦માં એકત્ર થયું. (ઓર્થોડોન્ટીસ્ટ) અને નવા પ્રગતિ કારક મુદ્દાઓની આપ લે કરી, જ્ઞાન મેળવી વિકાસ કરવાનો જ આશય હતો અને ત્યારબાદ ગુજરાતમાં સભ્ય સંખ્યા વધતા વધતા ૧૦૦ની થઈ ગઈ. ઓર્થોડોન્ટીકસએ ડેન્ટીસ્ટ્રીની પ્રથમ વિશિષ્ટતા છે જે ચહેરાને સુંદરતમ શૈલીમાં પ્રસ્થાપિત કરે છે અને તેથી સુંદરતા, એક સુત્રતા અને સંયોજન જળવાઈ રહે છે. આ સારવારમાં વાકાચુકા અને આગળ પડતા દાંતને જડબાના ત્રણેય ભાગમાં પેઢામાં યોગ્ય રીતે ગોઠવવાનું હોય છે. વિશ્વમા હજારે ઓર્થોડોન્ટીસ્ટ કાર્યરત છે, આજે IOC મીટીંગ દરેક સભ્યને એક જ યોગ્ય સ્થળ આપે છે જ્યાં તેઓ, તેઓના કિલનીકલ કામ અને અનુભવોની ચર્ચા કરી શકે અને ક્યાંક નવું જાણી શકે, નવા વિચારો, ઉપાયો તેમજ તકલીફ ભરેલા તેમજ કંઈક વિચિત્ર કેસીસ પોતાની શૈલીમાં રજૂઆત કરી અને ભાષણ આપી રજૂઆત કરી શકે છે. આમંત્રિત સ્પીકર્સ દ્વારા પણ જાણી શકે અને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરના કોર્સીસ સ્ટડી ગૃપ દ્વારા આયોજિત થઈ શકે. આ સંયોજિત મંચ દ્વારા સામાન્ય જનતામાં મોખિક સ્વાસ્થ અને ચહેરાની સુંદરતા વધારવા માટે માહિતીપૂર્ણ પ્રદર્શની, ડેન્ટલ ચેકઅપ કેમ્પ અને સ્કૂલ સ્કીનીંગ પ્રોગ્રામ દ્વારા જાગૃતિ પણ લાવી શકાય.